For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

પગાર વધારો જોઈએ છે તેમ કહી જાતિ વિરુદ્ધ અપશબ્દો પણ ભાડ્યા હોવાનો આક્ષેપ

ડ્રાઈવરને ઓફિસમા ઊંધો લટકાવી ઢોર માર મારનાર MLA અક્ષય પટેલના પુત્ર સહિત 5 સામે ગુનો દાખલ

ડીઝલ ચોરીના આરોપે ડ્રાઈવરોને બકાપુર સ્થિત ઓફિસે બોલાવી પાઈપથી માર માર્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ઈન્દોરગામ નવીનગરીમાં રહેતા એક ડમ્પર

ડ્રાઈવરને ડીઝલ ચોરીના આરોપે ઓફિસે બોલાવી અમાનુષી રીતે માર મારવામાં આવ્યો હોવાનો ગંભીર આરોપ સામે આવ્યો છે. આરોપીઓએ ડ્રાઈવરને લોખંડ અને પ્લાસ્ટિકની પાઈપ વડે માર માર્યો હતો તેમજ દોરડાથી ઊંધા માથે લટકાવી જાતિવિષયક અપમાનજનક શબ્દો બોલી અત્યાચાર ગુજાર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. સમગ્ર મામલે વલણ પોલીસે ભાજપના ધારાસભ્ય અક્ષય પટેલના પુત્ર સહિત પાંચ લોકો સામે એટ્રોસિટી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ઈન્દોરગામ નવીનગરીમાં રહેતા નટવરભાઈ જીવાભાઈ વસાવા છેલ્લા એક વર્ષથી રૂષી પટેલના હાઈવા ડમ્પરમાં ડ્રાઈવર તરીકે કામ કરે છે. ગત 15 મેના રોજ રેતી ભર્યા બાદ પરત ફરતા તમામ ડ્રાઈવરોને બકાપુર સ્થિત ઓફિસે બોલાવવામાં આવ્યા હતા. ત્યાં રૂષી પટેલે નટવરભાઈને ડીઝલ ચોરીનો આરોપ લગાવ્યો હતો. નટવરભાઈએ આરોપ નકારતા જ તેમની પર લોખંડની પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અન્ય આરોપીઓએ પણ પ્લાસ્ટિકની પાઈપ વડે મારપીટ કરી હતી.

ફરિયાદ મુજબ આરોપીઓએ નટવરભાઈને દોરડાથી ઊંધા માથે લટકાવી "ભીલડા" કહી જાતિવિષયક અપમાનજનક શબ્દો બોલી ગાળો આપી હતી. ભારે મારપીટને કારણે તેઓ બેભાન જેવી સ્થિતિમાં પહોંચી ગયા હતા. બાદમાં કર્મચારીઓએ તેમને બહાર પહોંચાડ્યા હતા, જ્યાંથી પરિવારજનોએ 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. સારવાર બાદ નટવરભાઈએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આરોપીના નામો

(1) રૂષી અક્ષય પટેલ (લીલોડ, તા. કરજણ, જી. વડોદરા ગ્રામ્ય
(2) જયદત બાપુ
(3) સાહીલ પટેલ
(4) જાવીદ પઠાણ
(5) વિજયભાઈ

કેટલીક મહત્વની કલમો ઉમેરવા માટે રજૂઆત કરાશે

આદિવાસી સમાજના આગેવાનો અને પીડિત પરિવાર દ્વારા મુખ્ય આરોપીઓ ઋષિ પટેલ, દેવેશ બાપુ, જાવેદ પઠાણ અને સાહિલ પઠાણ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી હતી. આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ હોવા છતાં હજુ કેટલીક મહત્વની કલમો ઉમેરવામાં આવી નથી તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં આ કેટલીક કલમો ઉમેરવા માટે રજૂઆત ફરી કરાશે. સમાજના આગેવાનોનું કહેવું છે કે આરોપીઓ ભલે રાજકીય રીતે પ્રભાવશાળી હોય, પરંતુ કાયદો દરેક માટે સમાન છે. પુરાવાનો નાશ ન થાય તેમજ પીડિતોને સમયસર ન્યાય મળે તે માટે તમામ આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે તેવી માંગ સાથે ઉઠી છે. - **મિનેષ પરમાર**, એડવોકેટ

હોદ્દેદારોની પસંદગીમાં સ્થાનિક ધારાસભ્યોનું વર્ચસ્વ અને સ્પષ્ટ દેખાયું

વડોદરા જિલ્લા પંચાયતના પ્રમુખ પદે જ્યોત્સનાબેન અને ઉપપ્રમુખપદે કમલેશ પટેલ

કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે કૈરવીબા વાઘેલાના નામ પર મહોર

જ્યોત્સનાબેન રબારી **પ્રમુખ** | કમલેશ પટેલ **ઉપપ્રમુખ** | કૈરવીબા વાઘેલા **કા.અધ્યક્ષ** | રાકેશ ઠાકોર **સા.નેતા** | મનીષા પરમાર **દંડક**

કોના માનીતાને મળ્યો કયો હોદ્દો?

જિલ્લાના રાજકીય વર્તુળોમાં ચર્ચાતી વિગતો મુજબ ધારાસભ્યોના માનીતા ચહેરાઓને ક્રીમી હોદ્દાઓ આ મુજબ ફાળવાયા છે:

કરજણના ધારાસભ્યનો હાથ ઉપર: જિલ્લા પંચાયતનું સર્વોચ્ચ પ્રમુખ પદ કરજણના ધારાસભ્યના પરમ નિકટવર્તી મનાતા જ્યોત્સનાબેન રબારી ને ફાળવીને કરજણ બેઠકનું વર્ચસ્વ સ્થાપિત કરાયું છે.

વાઘોડિયા-સાવલીના સમીકરણો સચવાયા: જિલ્લા પંચાયતમાં મહત્વનું ઉપપ્રમુખ પદ વાઘોડિયા અને વડોદરા ગ્રામ્ય વિસ્તારના સમીકરણોના આધારે ધારાસભ્યના માનીતા એવા કમલેશ પટેલને સોંપવામાં આવ્યું છે.

પાદરા અને ડભોઈ જૂથનું લોબિંગ: સૌથી પાવરફુલ ગણાતી કારોબારી સમિતિના ચેરમેન તરીકે પાદરા-ડભોઇ વિસ્તારના રાજકીય જૂથોમાં સ્વીકાર્ય અને ધારાસભ્યોના વિશ્વાસુ એવા કૈરવીબા વાઘેલા ના નામ પર પસંદગીનો કળશ ઢોળાયો છે.

સંગઠનનું સંતુલન: પક્ષના નેતા તરીકે રાકેશ ઠાકોર અને દંડક તરીકે મનિષાબેન પરમાર ને સ્થાન આપી સંગઠને જ્ઞાતિગત અને પ્રાદેશિક સંતુલન જાળવવાનો સફળ પ્રયાસ કર્યો છે.

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા જિલ્લા પંચાયતના નવા પદાધિકારીઓના નામોની જાહેરાત સાથે જ છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી રાજકીય અટકળોનો અંત આવ્યો છે. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જિલ્લા પંચાયતની કુલ 34 બેઠકોમાંથી ભાજપે 32 બેઠકો પર ભવ્ય જીત મેળવી પ્રચંડ બહુમતી હાંસલ કરી હતી. આ જીત બાદ પ્રથમ અઢી વર્ષની ટર્મ માટે પક્ષ દ્વારા પાંચ મહત્વના હોદ્દાઓ માટે નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

સંગઠન દ્વારા જાહેર કરાયેલા નામો મુજબ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે કરજણ બેઠક હેઠળના ચોરંદાના પ્રતિનિધિ જ્યોત્સનાબેન રબારીની પસંદગી કરવામાં આવી છે. જ્યારે ઉપપ્રમુખ તરીકે સયાજીપુરા બેઠકના કમલેશભાઈ પટેલની નિયુક્તિ કરવામાં આવી છે. પંચાયતની સૌથી મહત્વપૂર્ણ ગણાતી કારોબારી સમિતિના ચેરમેન તરીકે કૈરવીબા વાઘેલાના નામ પર મહોર મારવામાં આવી છે.

આ ઉપરાંત પક્ષના નેતા તરીકે રાકેશભાઈ ઠાકોર તથા શાસક પક્ષના દંડક તરીકે મનિષાબેન પરમારની પસંદગી કરવામાં આવી છે. નવા હોદ્દેદારોના નામ જાહેર થતાં જ ભાજપના કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. પંચાયત કચેરી ખાતે કાર્યકરોએ નવા પદાધિકારીઓનું પુષ્પગુચ્છ આપી અને મોં મીઠું કરાવી સ્વાગત કર્યું હતું.

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે આ વખતની પસંદગીમાં સ્થાનિક ધારાસભ્યોની ભલામણ અને પ્રાદેશિક સમીકરણોને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે. પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન જેવા મહત્વના હોદ્દાઓ પર સંગઠનને નજીકના નેતાઓને સ્થાન અપાયું હોવાનું માનવામાં આવે છે.

આગામી દિવસોમાં તમામ હોદ્દેદારો વિધિવત પ્રક્રિયા પૂર્ણ કરી પદભાર સંભાળશે. નવી ટીમ સમક્ષ ગ્રામ્ય વિસ્તારોમાં રોડ-રસ્તા, પીવાના પાણી, આરોગ્ય અને સરકારી યોજનાઓને અસરકારક રીતે લોકો સુધી પહોંચાડવાનો મુખ્ય પડકાર રહેશે.

વેબસાઈટ અન્ડર મેન્ટેનન્સ

CBSEની સ્કેન કોપી મેળવવા વિદ્યાર્થીઓની મુશ્કેલીમાં વધારો

ફી કપાઈ ગઈ પણ સ્ટેટસ અનસક્સેસફુલ, ત્રણ દિવસથી ટેકનિકલ પ્રોબ્લેમ યથાવત

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધો.12ની ઉત્તરવહીઓની સ્કેન કોપી મેળવવા માટે શરૂ કરાયેલા ઓનલાઈન પોર્ટલમાં ગંભીર ટેકનિકલ ખામીઓ સર્જાતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ફી કપાઈ જવા છતાં પોર્ટલ પર સ્ટેટસ અનસક્સેસફુલ દર્શાવી રહ્યું છે.

અનેક વિદ્યાર્થીઓએ અરજી પ્રક્રિયા દરમિયાન ભારે પેમેન્ટ ડીલે થયો હોવાની ફરિયાદ કરી છે. બેંક ખાતામાંથી અરજી ફીની રકમ કપાઈ ગઈ હોવા છતાં, બોર્ડનું પોર્ટલ સતત પેમેન્ટ સ્ટેટસ અનસક્સેસફુલ દર્શાવી રહ્યું છે. બોર્ડે ટેકનિકલ પ્રોબ્લેમના લીધે મુદતમાં વધારો કરીને તારીખ 22 મેથી લંબાવીને 23 મે કરી હતી. છતાં 3 દિવસથી મુશ્કેલીઓ યથાવત છે અને સાઈટ અન્ડર મેન્ટેનન્સ હોવાનું દર્શાવાય છે. આના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓ આર્થિક નુકસાન સાથે તીવ્ર માનસિક તણાવનો ભોગ બન્યા છે. સમયમર્યાદા અંતર્ગત નજીક હોવા છતાં વિદ્યાર્થી પોતાની અરજી પૂરી કરી શકતા નથી અને સાઈટ ક્યારે શરૂ થશે તેની કોઈ સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી. બોર્ડ દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે ઓનલાઈન પોર્ટલ એકદમ સરળતાથી કામ કરી રહ્યું છે અને માત્ર ત્રણ કલાકમાં 1.27 લાખ અરજીઓ દ્વારા 3.87 લાખ ઉત્તરવહીઓ માટે સફળતાપૂર્વક સબમિશન થઈ ચૂક્યું છે. પરંતુ ગ્રાઉન્ડ રિયાલિટી પર વિદ્યાર્થીઓની વાસ્તવિક સ્થિતિ અત્યંત ચિંતાજનક જોવા મળી રહી છે. જાહેરાત કરાયા બાદ તરત જ સોશિયલ મીડિયા પર વિદ્યાર્થીઓ અને વાલીઓનો આક્રોશ ફાટી નીકળ્યો હતો.

મ્યુનિસિપલ કમિશનરે જાહેર કર્યો સત્તાવાર એજન્ડા

વડોદરાને મળશે નવા સુકાની, 28મીએ મેયર પદના સસ્પેન્સ પરથી ઊંચકાશે પડદો

ચૂંટણી પરિણામોના બરાબર એક મહિના બાદ યોજાશે સામાન્ય સભા

પ્રદેશ હાઈકમાન્ડનું મેન્ડેટ ખુલતા જ વડોદરાને મળશે નવા મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેન

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા મહાનગરપાલિકા ની સામાન્ય ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયાને આશરે એક મહિનો થવા આવ્યો છે, પરંતુ હજી સુધી શહેરને નવા મેયર સહિતના મુખ્ય હોદ્દેદારો મળ્યા નથી. જોકે, વડોદરાના નાગરિકો અને રાજકીય વર્તુળોની આ આતુરતાનો અંત હવે ખૂબ જ નજીક છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા બોર્ડની રચના આગામી 28 મેના રોજ થવા જઈ રહી છે, જે અંગેનું સત્તાવાર એજન્ડા વડોદરા મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. આ જાહેરાત સાથે જ વડોદરાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

ઉલ્લેખનીય છે કે, વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ ગત 26 એપ્રિલના રોજ યોજાઈ હતી અને તેના પરિણામો 28 એપ્રિલના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. પરિણામોના બરાબર એક મહિના બાદ એટલે કે 28 મેના રોજ કોર્પોરેશનનું નવું બોર્ડ અસ્તિત્વમાં આવશે. ચૂંટણીના દિવસે એટલે કે 28 મેની સવારે શાસક પક્ષની કાર્યાલય ખાતે ચૂંટાયેલા તમામ કોર્પોરેટરોની એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક બોલાવવામાં આવશે. આ બેઠકમાં પ્રદેશ હાઈકમાન્ડ તરફથી મોકલવામાં આવેલું મેન્ડેટ ખોલવામાં આવશે. ત્યારબાદ આગામી અઢી વર્ષના કાર્યકાળ માટે વડોદરાના નવા મેયરના નામની સત્તાવાર જાહેરાત શહેર પ્રમુખ દ્વારા કરવામાં આવશે.

નવા હોદ્દેદારોની વરણીના આ જ દિવસે વડોદરા કોર્પોરેશનની સૌથી મહત્વની ગણાતી સ્ટેન્ડિંગ કમિટી ની બેઠક પણ બોલાવવામાં આવશે. જનરલ બોર્ડની સાથે જ આ સમિતિના સભ્યોની યાદી જાહેર કરવામાં આવશે. રાજકીય નિયમ અને પરંપરા મુજબ, સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોની જે યાદી જાહેર થશે, તેમાં જે સભ્યનું નામ સૌથી પ્રથમ ક્રમે હશે, તેઓ આગામી અઢી વર્ષ માટે સ્ટેન્ડિંગ કમિટીના નવા ચેરમેન તરીકે કાર્યભાર સંભાળશે. આ પ્રક્રિયા બાદ વડોદરા શહેરના વિકાસ કાર્યોને વેગ આપવા માટે નવું શાસક મંડળ સત્તાવાર રીતે કાર્યરત થઈ જશે.

સરકારે 27મીએ રજા જાહેર કરી પણ ચાંદ કમિટી મુજબ 28મીએ ઈદ

GTUએ બકરી ઈદના દિવસે 28મેના રોજ ડિપ્લોમા સેમેસ્ટર-4ની પરીક્ષા ગોઠવતા વિવાદ

વિદ્યાર્થીઓએ તહેવારમાં પરીક્ષા આપવી પડશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) દ્વારા બકરી ઈદના દિવસે 28 મેના રોજ ડિપ્લોમા સેમેસ્ટર-4ની પરીક્ષા ગોઠવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે અસંતોષ ફાટી નીકળ્યો છે. રાજ્ય સરકારે સત્તાવાર કેલેન્ડર મુજબ 27 મેના રોજ બકરી ઈદની જાહેર રજા જાહેર કરી હતી, જેના આધારે યુનિવર્સિટીએ પરીક્ષાનું સમયપત્રક તૈયાર કર્યું હતું. પરંતુ ઈદનો તહેવાર ચાંદના દર્શન પર આધારિત હોવાથી હવે 28 મેના રોજ બકરી ઈદ ઉજવાશે, જેના કારણે મુસ્લિમ વિદ્યાર્થીઓએ તહેવારના દિવસે પરીક્ષા આપવાની સ્થિતિ સર્જાઈ છે.

ચાંદ કમિટીના જણાવ્યા અનુસાર 17 મેના રોજ ચાંદ દેખાયો ન હતો, જ્યારે 18 મેના રોજ ચાંદ દેખાતા 28 મેના રોજ બકરી ઈદ મનાવવાનો નિર્ણય લેવાયો હતો. આ બદલાયેલી પરિસ્થિતિને કારણે રાજ્યભરના અનેક મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે ધાર્મિક તહેવાર અને પરીક્ષા વચ્ચે મુશ્કેલ પરિસ્થિતિ ઉભી થઈ છે. ખાસ કરીને ડિપ્લોમા સેમેસ્ટર-4ના વિદ્યાર્થીઓમાં આ મુદ્દે ભારે ચિંતા જોવા મળી રહી છે.

વિદ્યાર્થીઓ અને વાલીઓનું કહેવું છે કે બકરી ઈદ મુસ્લિમ સમાજનો મહત્વનો ધાર્મિક તહેવાર હોવાથી પરિવાર સાથે ધાર્મિક વિધિઓ અને સામાજિક કાર્યક્રમોમાં ભાગ લેવો જરૂરી બને છે. આવા સમયે પરીક્ષા ગોઠવાતા વિદ્યાર્થીઓ માનસિક દબાણ અનુભવી રહ્યા છે. બીજી તરફ અનેક કોલેજોમાં ફરજ બજાવતા મુસ્લિમ શિક્ષકો અને કર્મચારીઓને પણ તહેવારના દિવસે હાજર રહેવાની ફરજ પડી શકે છે.

ડિપ્લોમા કોલેજ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા જીટીયુ સમક્ષ રજૂઆત કરીને 28 મેની પરીક્ષા અન્ય દિવસે ખસેડવાની માંગણી કરવામાં આવી છે. કેટલીક કોલેજોએ પણ આ દિવસે લેવાતી પરીક્ષાઓની વિગત સાથે યુનિવર્સિટીને પત્ર લખી વિદ્યાર્થીઓના હિતમાં યોગ્ય નિર્ણય લેવા અપીલ કરી છે. સોશિયલ મીડિયા પર પણ વિદ્યાર્થીઓએ આ નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરી છે.

હાલ જીટીયુ દ્વારા પરીક્ષા મુલતવી રાખવા અથવા તારીખ બદલવા અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અનિશ્ચિતતા વધી રહી છે. હવે યુનિવર્સિટી વિદ્યાર્થીઓની લાગણી અને ધાર્મિક સંવેદનશીલતાને ધ્યાનમાં રાખી શું નિર્ણય લે છે તેના પર સૌની નજર ટકેલી છે.

ઉત્તરવહી અવલોકન માટે ધો.12 સાયન્સના 2 હજારથી વધુ વિદ્યાર્થીઓએ અરજી કરી

28 અને 29 મેએ રૂબરૂ ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયા, બોર્ડે ઓનલાઈન કોલલેટર જાહેર કર્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026માં લેવાયેલી ધો.12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ પરિણામથી અસંતુષ્ટ 2 હજારથી વધુ વિદ્યાર્થીઓએ ઉત્તરવહી અવલોકન માટે અરજી કરી છે. બોર્ડે 28 અને 29 મેના રોજ રૂબરૂ ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયા હાથ ધરવાનું નક્કી કર્યું છે. પરિણામ જાહેર થયા બાદ અનેક વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ગુણાંકને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

અરજીઓના ભાગરૂપે ઉત્તરવહી અવલોકન માટેની કાર્યક્રમ અને કોલલેટર ઓનલાઈન જાહેર કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ પોતાનો પરીક્ષાનો બેઠક નંબર અને મોબાઈલ નંબર નાંખી ડાઉનલોડ કરી શકશે. તા. 28 અને 29 મેના રોજ તમામ વિદ્યાર્થીઓને રૂબરૂ બોલાવાયા છે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે, કોઈપણ વિદ્યાર્થીને અવલોકન માટેના કોલલેટર ટપાલ દ્વારા મોકલવામાં આવશે નહીં.

બોર્ડના નિયમો અનુસાર, રૂબરૂ અવલોકન દરમિયાન વિદ્યાર્થીને ત્રણ મુખ્ય બાબતો તપાસવાની છૂટ છે. જેમાં ઉત્તરવહીના અંદરના પાનાઓ પર આપેલા ગુણોની મુખ્ય પાના પર સરવાળો થયો છે કે નહીં, કોઈ પ્રશ્ન તપાસવાનો રહી ગયો છે કે નહીં તેમજ પ્રશ્નમાં મળેલા ગુણોના સરવાળામાં કોઈ ભૂલ રહી ગઈ છે કે નહીં તે જોવામાં આવશે. જો કોઈ ભૂલ જણાશે તો તેને સુધારી લેવામાં આવશે. બોર્ડે વિદ્યાર્થીઓને ઓનલાઈનથી જ કોલલેટર મેળવી તેમાં દર્શાવેલા નિયત સમયે અને સ્થળે હાજર રહેવા સૂચના આપી છે. ઉલ્લેખનીય છે કે ધો.12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ 4 મેના રોજ જાહેર કરવામાં આવ્યું હતું.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સતત 6 દિવસ બંધ રહેશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક SBIના કરોડો ગ્રાહકો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. આગામી 23 મેથી 28 મે સુધી સતત 6 દિવસ સુધી બેંકની શાખાઓમાં કામકાજ પ્રભાવિત રહેવાની શક્યતા છે. ચોથો શનિવાર, રવિવાર, કર્મચારીઓની રાષ્ટ્રવ્યાપી હડતાલ અને બકરી ઈદની રજાઓ એકસાથે આવતાં આ સ્થિતિ સર્જાઈ છે. હવે બેંક 29 મેના રોજ નિયમિત રીતે શરૂ થશે. 23 મેના રોજ ચોથા શનિવાર અને 24 મેના રોજ રવિવારની રજા રહેશે. જ્યારે 25 અને 26 મેના રોજ SBI કર્મચારીઓની દેશવ્યાપી હડતાલ જાહેર કરવામાં આવી છે. ત્યારબાદ 27 અને 28 મેના રોજ બકરી ઈદ નિમિત્તે વિવિધ રાજ્યોમાં રજાઓ રહેશે. ઓલ ઈન્ડિયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સ્ટાફ ફેડરેશન દ્વારા નવી ભરતી, સુરક્ષા વ્યવસ્થા, NPS અને પગાર સંબંધિત માંગણીઓ સાથે હડતાલની જાહેરાત કરવામાં આવી છે.

ધો-12 સાયન્સના વિદ્યાર્થીની 19 જૂનથી પ્રાયોગિક પરીક્ષા લેવાશે

જિલ્લાના નક્કી કરેલા કેન્દ્રો પર 22 જૂન સુધી આયોજન, કેમિસ્ટ્રી ફિઝિક્સ બાયોલોજીનો કાર્યક્રમ જાહેર

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા-2026 અંતર્ગત પ્રાયોગિક પરીક્ષાનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. રાજ્યભરમાંથી આશરે 30 હજાર જેટલા વિદ્યાર્થીઓ આ પૂરક પરીક્ષા માટે નોંધાયા છે. પરીક્ષાને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓમાં તૈયારીનો માહોલ જોવા મળી રહ્યો છે.

આગામી 19 જૂનથી 22 જૂન દરમિયાન નિયત કરાયેલા જિલ્લાના વિજ્ઞાન પ્રવાહના પરીક્ષા કેન્દ્રો પર આ પ્રાયોગિક પરીક્ષાઓ ચુસ્ત આયોજન સાથે લેવામાં આવશે. બોર્ડ દ્વારા કેમિસ્ટ્રી, ફિઝિક્સ અને બાયોલોજી એટલે કે રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન તથા જીવવિજ્ઞાન વિષયના પ્રાયોગિક પેપરોની તારીખો નક્કી કરી દેવાઈ છે. પ્રાયોગિક પરીક્ષાના સફળ સંચાલન માટે બોર્ડ સ્તરે તમામ વહીવટી તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. પરીક્ષાના દિવસે બોર્ડને સમયસર ગુણ મળી રહે તે માટે પણ ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. બોર્ડે તમામ સંબંધિત શાળાઓના આચાર્યો, વાલીઓ તથા વિદ્યાર્થીઓને જાહેર કરાયેલા કાર્યક્રમની નોંધ લઈ તે મુજબ તૈયારીઓ કરવા સૂચના આપી છે. સાથે જ પરીક્ષા દરમિયાન ગેરરીતિ ન થાય તે માટે બોર્ડ દ્વારા બંડ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવશે, જે સમગ્ર પ્રક્રિયા પર નજર રાખશે. ઉલ્લેખનીય છે કે બોર્ડ દ્વારા 11 જૂનથી 17 જૂન દરમિયાન ધોરણ-12 સાયન્સની પૂરક લેખિત પરીક્ષા લેવામાં આવશે. ત્યારબાદ પ્રાયોગિક પરીક્ષાઓ યોજાશે, જેના પરિણામે વિદ્યાર્થીઓને આગામી શૈક્ષણિક પ્રવેશ પ્રક્રિયામાં સમયસર લાભ મળી રહેશે.

GERCએ ડ્રાફ્ટ ડિસ્ટ્રીબ્યુટેડ રિન્યુએબલ એનર્જી સોર્સિસ રેગ્યુલેશન્સ-2026 જાહેર કર્યો

રૂફટોપ સોલાર માટે 5 મનપસંદ મીટરિંગના વિકલ્પો મળશે

10 kW સુધી કોઈ મંજૂરીની પળોજણ નહીં

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

ગુજરાત વિદ્યુત નિયમનકારી આયોગ (GERC) દ્વારા ગ્રીડ કનેક્ટેડ રિન્યુએબલ એનર્જી સોર્સિસ રેગ્યુલેશન્સ-2026નો ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ ડ્રાફ્ટ અંગે 30 દિવસમાં વાંધા-સૂચનો મંગાવવામાં આવ્યા છે. જાહેર સુનાવણી અને ગેઝેટમાં પ્રસિદ્ધિ બાદ નવા નિયમો અમલમાં આવશે. આ સાથે વર્ષ 2016થી અમલમાં રહેલા જૂના સોલાર નિયમો રદ થશે.

નવા ડ્રાફ્ટ મુજબ ગ્રાહકોને પોતાની જરૂરિયાત અનુસાર પાંચ અલગ-અલગ મીટરિંગ વ્યવસ્થાનો વિકલ્પ આપવામાં આવશે. જેમાં નેટ મીટરિંગ, નેટ બિલિંગ, ગ્રુપ નેટ મીટરિંગ, વર્ચ્યુઅલ નેટ મીટરિંગ અને ગ્રોસ મીટરિંગનો સમાવેશ થાય છે. ગ્રાહકો પોતાની સુવિધા અને વપરાશ પ્રમાણે વિકલ્પ પસંદ કરી શકશે. દર વર્ષે એક વખત મીટરિંગ સિસ્ટમમાં ફેરફાર કરવાની પણ છૂટ આપવામાં આવશે.

ડ્રાફ્ટ મુજબ 10 kW સુધીની સોલાર સિસ્ટમ માટે કોઈ ટેકનિકલ સ્ટડી અથવા વિશેષ મંજૂરીની જરૂર રહેશે નહીં. જેના કારણે નાના ઘરેલુ ગ્રાહકો અને મધ્યમ વર્ગને સીધો લાભ મળશે. ખાસ કરીને કેન્દ્ર સરકારની પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ સોલાર સિસ્ટમ લગાવનારા ગ્રાહકો માટે પ્રક્રિયા વધુ સરળ બનશે. સોલાર એનર્જીને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર અને GERC દ્વારા આ મહત્વપૂર્ણ સુધારો માનવામાં આવી રહ્યો છે.

નવી જોગવાઈઓ અમલમાં આવ્યા બાદ રહેણાંક વિસ્તારોમાં રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપિત કરવાની પ્રક્રિયા વધુ ઝડપી બનશે. ઊર્જા બચત સાથે ગ્રાહકોના વીજબિલમાં ઘટાડો થશે તેમજ પર્યાવરણ સંરક્ષણને પણ પ્રોત્સાહન મળશે. ઊર્જા ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે આ નિયમો રાજ્યમાં ગ્રીન એનર્જી ક્ષેત્રે લાંબા ગાળે સકારાત્મક પરિવર્તન લાવશે.

જો વીજ કંપની સમયસર મંજૂરી નહીં આપે તો પ્રતિદિન રૂ.500 દંડ ચૂકવવો પડશે. ઉપરાંત સોલાર કનેક્શન પ્રક્રિયામાં અનાવશ્યક વિલંબ થાય તો ગ્રાહકોને પણ રાહત મળે તે માટે નિયમોમાં કડક જોગવાઈઓ કરવામાં આવી છે. ઊર્જા ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે નવા નિયમો રાજ્યમાં ગ્રીન એનર્જીના ઉપયોગને વધુ વેગ આપશે.

મોટી સિસ્ટમ માટે બેટરી સ્ટોરેજ ફરજિયાત

ગ્રોસ મીટરિંગ અથવા 100 kWથી વધુ કોન્ટ્રાક્ટ ડિમાન્ડ ધરાવતી મોટી સોલાર સિસ્ટમમાં બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ ફરજિયાત રાખવામાં આવી છે. સ્ટોરેજ ક્ષમતા વાટાઘાટ લોડના ઓછામાં ઓછા 50 ટકા જેટલી હોવી જરૂરી રહેશે. આ નિયમથી વીજળીના સંગ્રહ અને સતત પુરવઠામાં મદદ મળશે તેમજ ગ્રીડ પરનો ભાર પણ ઘટશે.

પેન્ડલ સાડીમાં અટકી જતા બચી ગયુ, દર્શન કરતી વખતે માંજલપુરમાં ચેઇન સ્નેચિંગની ઘટના

હુમાન મંદિરે ભીડમાં તસ્કર મહિલાએ વૃદ્ધાના ગળામાંથી બે તોલાની સોનાની ચેન સરકાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં હનુમાનજીના મંદિર ખાતે દર્શન કરવા ગયેલી 70 વર્ષીય વૃદ્ધા ગળામાંથી અંદાજે બે તોલાની સોનાની ચેન મહિલા તસ્કરે સરકાવી લીધી હતી. જોકે ચેનમાં લાગેલું પેન્ડલ સાડીમાં ફસાઈ જતાં મળી આવ્યું હતું. ચેઈન સ્નેચિંગનો ભોગ બનતા ચકચાર મચી ગઈ છે. મંદિરમાં આવેલા ભક્તોની ભારે ભીડનો લાભ લઈ અજાણી તસ્કર મહિલાએ ખેલ પાડયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, માંજલપુરના તુલસીધામ ચાર રસ્તા પાસે આવેલા સ્વામી સુર્યનારાયણનગરમાં રહેતા કુંદાબેન ગણપતભાઈ સરકલે પોતાના પરિવાર સાથે રહે છે. હનુમાનજીના મંદિરે તેઓ પોતાની દીકરી વાસંતીબેન

તથા પુત્રવધૂ માયાબેન સાથે સરસ્વતી ચાર રસ્તા નજીક આવેલા હનુમાનજીના મંદિરે દર્શન કરવા માટે ગયા હતા.

મંદિરમાં મહિલાઓની લાઈનમાં ભારે ભીડ વચ્ચે બપોરના આશરે 12 વાગ્યાના સુમારે કોઈ અજાણી મહિલાએ તકનો લાભ લઈ કુંદાબેનના ગળામાં પહેરેલી પેન્ડલવાળી સોનાની ચેન સરકાવી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ વૃદ્ધાએ પરિવારજનો સાથે મંદિર પરિસરમાં ચેનની શોધખોળ હાથ ધરી હતી. તે દરમિયાન પેન્ડલ સાડીમાં અટવાયેલું મળી આવ્યું હતું, પરંતુ ચેન મળી આવી નહોતી. પરિવારજનોએ આસપાસ તપાસ કરી છતાં કોઈ માહિતી ન મળતાં આખરે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ચોરી થયેલી સોનાની ચેન અંદાજે બે તોલા વજનની હતી. જે વર્ષ ૨૦૦૦માં રૂ.21860ના ખર્ચે ખરીદવામાં આવી હતી. પોલીસે અજાણી મહિલા વિરુદ્ધ ગુનો નોંધી મંદિર તથા આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.